# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તા: ૧૦/૦૪/૨૦૨૪

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર પ્રમુખે અમેરિકામાં મિશન ૮૪ અંતર્ગત શિકાગો સ્થિત ભારતીય કોન્સુલ જનરલ સોમનાથ ઘોષ સાથે મિટીંગ કરી

## SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત ટુંક સમયમાં વર્ચ્યુઅલ મિટીંગનું આયોજન કરી સુરત, ગુજરાત અને ભારતના ઉદ્યોગકારોને એક્ષ્પોર્ટ માટેની શિકાગોમાં તક ઉપલબ્ધ થાય તે માટે વિચાર મંથન કરવાની સહમિત સધાઇ

## શિકાગો સ્થિત ભારતીય કોન્સુલ જનરલ સોમનાથ ઘોષે ભારતથી એક્ષ્પોર્ટ થતી પ્રોડકટની નબળી કવોલિટી અંગે અને કમીટમેન્ટના અભાવ અંગે ચેતવણી આપી ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયાનું ઘ્યાન દોર્યું

### સસ્ટેનેબલ પોઝીશનમાં લાંબા ગાળા માટે જે કવોલિટી પ્રોડકટ આપવાની હોય છે તેમાં આપણે ઉણાં ઉતરીએ છીએ, આથી ભારતથી એક્ષ્પોર્ટ માટે ખાસ આ બાબતે ઘ્યાન આપવાની જરૂરિયાત છે : શિકાગો સ્થિત ભારતીય કોન્સુલ જનરલ સોમનાથ ઘોષ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ રમેશ વઘાસિયા અને માનદ્ ખજાનચી કિરણ ઠુમ્મર SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત એક્ષ્પોર્ટને વધારવા હેતુ તેમજ તેના માટે સુરતના ઉદ્યોગકારો માટે વિવિધ તકો ઉપલબ્ધ થાય તે માટે અમેરિકાના પ્રવાસે છે ત્યારે મંગળવાર, તા. ૯ એપ્રિલ ૨૦૨૪ના રોજ તેઓએ અમેરિકાના શિકાગો શહેરમાં શિકાગો સ્થિત ભારતીય કોન્સુલ જનરલ સોમનાથ ઘોષ સાથે મિટીંગ કરી હતી.

ચેમ્બર પ્રમુખ રમેશ વઘાસિયા દ્વારા શિકાગો સ્થિત ભારતીય કોન્સુલ જનરલ સોમનાથ ઘોષ સમક્ષ SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪નું વિગતવાર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. જેમાં કોન્સુલ જનરલને મિશન ૮૪ વિશેની કામગીરી અને તેના લક્ષ્ય વિશે તેમજ મિશન ૮૪ અંતર્ગત કેવી રીતે કામગીરી કરવામાં આવી રહી છે અને તેને કારણે કેવી રીતે બિઝનેસ એન્ડ ઇન્ડસ્ટ્રીને ઉપયોગી પ્રવૃત્તિઓ થઇ રહી છે તેનાથી તેઓને વિગતવાર વાકેફ કરવામાં આવ્યા હતા.

ચેમ્બર પ્રમુખે મિશન ૮૪ની વિગતો આપતા જણાવ્યું હતું કે, ભારતના માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૨૭ સુધીમાં ભારતને ૫ ટ્રિલિયન યુએસ ડોલર ઇકોનોમી બનાવવાનું લક્ષ્ય રાખ્યું છે અને એના માટે ભારતના ઉદ્યોગકારોને ૧ ટ્રિલિયન યુએસ ડોલરનો એક્ષ્પોર્ટ કરવા માટેનો ટારગેટ આપ્યો છે. વડાપ્રધાનના આ લક્ષ્યને પૂર્ણ કરવા માટે તેમજ ભારતને આર્થિક રીતે વધુ મજબૂત બનાવવાના હેતુથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ વિઝન હાથ ધર્યું છે અને તેના અંતર્ગત ઓનલાઇન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ બનાવવામાં આવ્યું છે.

મિશન ૮૪ અંતર્ગત ઓનલાઇન ઇન્ટરનેશનલ પ્લેટફોર્મની સાથે ભારતના ૮૪,૦૦૦ ઉદ્યોગકારો – વેપારીઓ અને એક્ષ્પોર્ટર્સને તથા વિશ્વના જુદા–જુદા દેશોમાં બિઝનેસ કરતા ૮૪,૦૦૦ બિઝનેસમેનોને ઓનબોર્ડ કરવામાં આવી રહયા છે. અત્યાર સુધીમાં આ પ્લેટફોર્મની સાથે ૧૨ હજારથી વધુ બિઝનેસમેનો જોડાઇ ગયા છે. મિશન ૮૪ અંતર્ગત સુરત ઉપરાંત ગુજરાત અને ભારતથી વિશ્વના વિવિધ દેશોમાં રૂપિયા ૮૪,૦૦૦ કરોડનું એક્ષ્પોર્ટ થાય તે માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સઘન પ્રયાસો કરવામાં આવી રહયા છે. એવી જ રીતે ભારતની ૮૪ ચેમ્બર ઓફ કોમર્સને તથા વિશ્વના જુદા–જુદા ૮૪ દેશોની ચેમ્બર ઓફ કોમર્સને પણ આ ઓનલાઈન ઈન્ટરનેશનલ પ્લેટફોર્મ પર લાવવા મિટીંગો થઇ રહી છે.

મિશન ૮૪ અંતર્ગત ભારતમાં કાર્યરત ૮૪ દેશોના કોન્સુલ જનરલ, હાઇ કમિશ્નર અને એમ્બેસેડર તેમજ વિશ્વના ૮૪ દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિવિધ એમ્બેસેડર્સને પણ આ પોર્ટલ પર ઓનબોર્ડ કરવા મિટીંગો થઇ રહી છે. જેના ભાગ રૂપે અત્યાર સુધીમાં ૪૫થી વધુ દેશોના કોન્સુલ જનરલ, એમ્બેસેડર તથા ઓશિયલ્સ સુરત ખાતે ચેમ્બર ઓફ કોમર્સની મુલાકાતે આવ્યા હતા અને સુરતના ઉદ્યોગકારોને સાથે વન ટુ વન બિઝનેસ મિટીંગો કરી ઉદ્યોગકારોને એક્ષ્પોર્ટ માટેની તકો વિશે જાણકારી આપી હતી.

આ ઉપરાંત ચેમ્બર પ્રમુખ દ્વારા કોન્સુલ જનરલને ચેમ્બર ઓફ કોમર્સની વિવિધ પ્રવૃત્તિઓની સંખ્યા, ચેમ્બરના સભ્યોની સંખ્યા, વિવિધ ઉદ્યોગલક્ષી પ્રદર્શનો, કોન્કલેવ, વર્કશોપ અને સેમિનારો વિગેરેનું જે આયોજન કરવામાં આવે છે તેનાથી વાકેફ કરવામાં આવ્યા હતા. ચેમ્બર ઓફ કોમર્સની ઉદ્યોગલક્ષી પ્રવૃત્તિઓ તેમજ મિશન ૮૪ અંતર્ગત જે એક્ષ્પોર્ટલક્ષી પ્રવૃત્તિઓ થઇ રહી છે તે જાણીને કોન્સુલ જનરલ ખૂબ જ પ્રભાવિત થયા

હતા. કોન્સુલ જનરલે સામેથી ચેમ્બર પ્રમુખને મિશન ૮૪ વિશે વિવિધ પ્રશ્નો પૂછી તેના વિશેની વિગતવાર જાણકારી મેળવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મિશન ૮૪ અંતર્ગત અનેક ઉદ્યોગ સાહસિકો અને યુવાઓને એક્ષ્પોર્ટ કરવા માટે લાભ મળનાર છે તેના વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ ઉપરાંત કોન્સુલ જનરલે શિકાગો શહેરની કેપેસિટી, તેની આર્થિક બાબતો અંગે ચેમ્બર પ્રમુખને જાણકારી આપી હતી અને ભારતથી એક્ષ્પોર્ટ કરીને શિકાગોમાં ઇમ્પોર્ટ કરવા માટેની ઘણી જ સંભાવનાઓ વિશે ઉપયોગી માહિતી આપી હતી. જો કે, તેમણે ભારતમાંથી એક્ષ્પોર્ટ થતી પ્રોડકટની નબળી કવોલિટી અંગે અને કમીટમેન્ટના અભાવ અંગે ચેતવણી આપી ચેમ્બર પ્રમુખનું ધ્યાન દોર્યું હતું.

શિકાગો સ્થિત ભારતીય કોન્સુલ જનરલ સોમનાથ ઘોષે ચેમ્બર પ્રમુખને જણાવ્યું હતું કે, આપણે ભારતથી એક્ષ્પોર્ટની દૃષ્ટિએ ઘણું સારું કામ કરી શકીએ તેમ છીએ પણ સસ્ટેનેબલ પોઝીશનમાં લાંબા ગાળા માટે જે કવોલિટી પ્રોડકટ આપવાની હોય છે તેમાં આપણે ઉણાં ઉતરીએ છીએ, આથી ખાસ એક્ષ્પોર્ટ માટે આ બાબત ઉપર ધ્યાન આપવાની જરૂરિયાત છે. આ દિશામાં યોગ્ય પ્રયાસ કરવામાં આવે તો ભારતથી એક્ષ્પોર્ટની ખૂબ સારી સંભાવના છે. તેમણે શિકાગોમાં લીડ અને ઇન્કવાયરી, માર્કેટ ઇન્ટેલીજન્સ માટેની માહિતી આપવાની ખાત્રી આપી હતી.

તદ્ઉપરાંત શિકાગોના બિઝનેસમેનો સાથે કોમન વર્ચ્યુઅલ મિટીંગ યોજાય, જેમાં અહી (શિકાગોમાં) જે સંભાવનાઓ છે તેના વિશે માહિતી આપવામાં આવશે તેવી ભલામણ તેમણે ચેમ્બર પ્રમુખને કરી હતી, જેનો ચેમ્બર પ્રમુખે સ્વીકાર કરી ટુંક સમયમાં આવી વર્ચ્યુઅલ મિટીંગનું આયોજન કરી સુરત, ગુજરાત અને ભારતના ઉદ્યોગકારોને એક્ષ્પોર્ટ માટેની તક ઉપલબ્ધ થાય તે માટે વિચાર મંથન કરવાની બંને પક્ષે સહમિત સધાઇ હતી.